dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

August 2009 For private circulation only Vol. 01 - Issue 16

સમાજ-રાષ્ટ્રના ઉત્કર્ષ માટે મનુષ્યની સર્વાંગીણ કેળવણી તરફ લક્ષ્ય કેન્દ્રિત કરવું પડશે. 'એમાં મારે શું ?' જેવી અકર્મણ્યતા પાલવશે નહીં. માત્ર પાંચ-સાત વર્ષની જ્ઞાન પ્રાપ્તિ એટલે કેળવણી એવી સમજ તો ગેરસમજ છે. આ ગેરસમજને ખંખેરી જન્મથી મૃત્યુ પર્યન્ત ચાલનારી એક અખંડ સાધના લેખે શિક્ષણ તરફ દ્રષ્ટિ કરવી પડશે. ફકત મહત્ત્વકાંક્ષા અને પ્રતિસ્પર્ધા શીખવવામાં ઈતિશ્રી સમજવાનું નહી પરવડે. પ્રભાવિત કરે તેવું નહીં પરંતુ પ્રકાશિત કરે તેવું શિક્ષણ આપવું પડશે.

"શિક્ષણનું સત્ય" સંપાદક :
ડૉ. દક્ષેશ ઠાકર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

અગીયારમી પંચવર્ષીય યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના ધ્યેયો સુનિશ્ચિત કરવા માટે શૈક્ષણિક તથા વહીવટી સુધારાઓ સૂચવવા માટે પ્રોફેસર એ. જ્ઞાનમના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. જ્ઞાનમ સમિતિની ભલામણોના આધારે યુ.જી.સી. દ્વારા એક એકશન પ્લાન ઘડી કાઢવામાં આવ્યો છે. જે પૈકી મુખ્ય પાંચ બાબતો માટે યુનિવર્સિટીઓને સુસજ્જ થવા માટે યુ.જી.સી. એ જણાવ્યું છે.

પ્રથમ બાબત છે : ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વાર્ષિક શૈક્ષણિક સત્ર. જે સામાન્ય રીતે દસથી બાર માસનું છે, તેને સિમેસ્ટર પધ્ધતિમાં પરિવર્તિત કરવાનું છે. હાલની વાર્ષિક સત્ર વ્યવસ્થામાં સમયની માંગ અનુસાર વિષયોનું વૈવિધ્ય શકય નથી. જો સિમેસ્ટર પધ્ધતિ દાખલ કરવામાં આવે તો વિષયોનું વૈવિધ્ય સહેલાઈથી દાખલ કરી શકાય. મેડિકલ, ટેકનિકલ તથા અન્ય પ્રફેશનલ અભ્યાસક્રમોમાં નવીનીકરણ સહેલાઈથી પરિવર્તિત કરવાની અનુકૂળતા રહે છે. વિશ્વના મોટાભાગના દેશોના ઉચ્ચ શિક્ષણમાં સિમેસ્ટર પધ્ધતિ અમલમાં છે. સિમેસ્ટર પધ્ધતિના ફાયદાઓ વિશે કોઈ જ મતભેદ ન હોઈ શકે. મોટાભાગની કોલેજો તથા યુનિવર્સિટીઓમાં મહત્તમ સંખ્યામાં અધ્યાપકોની જગ્યાઓ ખાલી હોય ત્યારે આ પધ્ધતિને અમલમાં મૂકતાં પહેલાં, વિદ્યાર્થી-અધ્યાપકના ગુણોત્તરના પ્રમાણની પરિસ્થિતિનો અભ્યાસ થાય તે જરૂરી છે. શહેરી વિસ્તારની કેટલીક કોલેજોમાં ૧૩૦ જેટલા વિદ્યાર્થીઓને એક વર્ગમાં બેસાડવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ સૌને માટે સુલભનું સૂત્ર સ્વીકરવાની સાથે, ઓપન યુનિવર્સિટીઓનો વ્યાપ વધારાય અને નિયમિત કોલેજમાં અભ્યાસ માટે ગુણવત્તાના આગ્રહ સાથે વર્ગખંડોની સંખ્યા નિયંત્રિત થાય તો જે હેતુથી સિમેસ્ટર પધ્ધતિ અમલમાં મુકવાની વિભાવના છે તે તરફ ગતિ કરી શકાય. જો કે અત્રે એ સ્વીકારવું રહયું કે, પોસ્ટ ગ્રેડયૂએટના અભ્યાસક્રમોમાં સહેલાઈથી સિમેસ્ટર પધ્ધતિ અમલમાં મુકી શકાય. અહીં પણ માત્ર બે જ તાસ અધ્યાપકના વર્કલોડમાં ગણાય છે તે બાબત પણ પુનઃ વિચારણા માગે છે. યુ.જી.સી.ના એકશન પ્લાનમાં જણાવ્યા મુજબ આગામી બે વર્ષમાં દેશની તમામ સેન્ટ્રલ યુનિવર્સિટીઓએ તથા આગામી ત્રણ વર્ષમાં રાજયની તમામ યુનિવર્સિટીઓએ સિમેસ્ટર પધ્ધતિ અમલમાં મૂકવા માટેની યોજના ઘડી કાઢી તેને અમલમાં મૂકવાની છે.

સુધારણાની બીજી બાબત : પસંદગી આધારિત ગુણાંકન પ્રણાલીનો અમલ કરવા અંગેનો છે. હાલની વ્યવસ્થામાં વિદ્યાર્થીઓ માટે ફિકસ ભોજન થાળીની જોગવાઈ છે. વિદ્યાર્થીને પોતાની પસંદગીના વિષયો મુજબ અભ્યાસ કરવાની કોઈ જોગવાઈ નથી. યુનિવર્સિટી દ્વારા અભ્યાસક્રમનું જે માળખું ઘડાયું હોય તે મુજબ જ અભ્યાસ કરવાનો છે. ચોઈસ બેઝડ ક્રેડિટ સિસ્ટિમમાં સમગ્ર અભ્યાસક્રમને ક્રેડિટ ગુણાંકનમાં ફેરવવામાં આવે છે. વિદ્યાર્થી પોતાની તૈયારી મુજબ લઘુત્તમ ક્રેડિટ ગુણાંકન મેળવી વિષયોનું વૈવિધ્ય અપનાવી શકે છે. પસંદગી આધારિત ગુણાંકન પધ્ધતિનો અમલ કરવા માટે તમામ વિષયોના માળખાઓને એકમ તથા પેટા એકમમાં વિભાજીત કરી દરેક માટેના ગુણાંકન નકકી કરવાના હોય છે. વિદ્યાર્થીએ મેળવેલ ગુણાંકનને આધારે સર્ટિફિકિટ, ડિપ્લોમા, ડિગ્રી વિગેરે એનાયત કરી શકાય છે. જેમ કે કેટલાક વિષયો વિદ્યાર્થી પાસ કરે તો તે સર્ટિફિકિટ મેળવવા હકદાર બને. આવા બે-ચાર સર્ટિફિકિટ મેળવવાથી તે ડિપ્લોમાં મેળવવા માટે હકદાર બને. વિવિધ ડિપ્લોમાના જૂથો તેમજ વધારાના કેટલાક વિષયો પાસ કરવાથી વિદ્યાર્થી ડિગ્રી મેળવવા લાયક બને. આ પધ્ધતિમાં અનેક તબકકે પ્રવેશની અનુકૂળતા તથા વિવિધ તબકકે અભ્યાસમાંથી બહાર નીકળવાની તકો ઊભી થાય છે. જો તમામ યુનિવર્સિટીઓમાં આ પધ્ધતિ અમલમાં આવે તો વિદ્યાર્થીને ગમે ત્યાં, ગમે તે સંસ્થામાં અભ્યાસ કરવાની સરળતા ઊભી થાય. કદાચ રાષ્ટ્રીય સ્તરે આવી વ્યવસ્થા ગોઠવવામાં માધ્યમની મુશ્કેલી નડે; પરંતુ રાજય સ્તરે આવી વ્યવસ્થા પ્રણાલિકાગત અભ્યાસક્રમોમાં ગોઠવી શકાય. હાલની વ્યવસ્થામાં એલિજિબિલિટિની વ્યવસ્થા તો છે જ, પરંતુ આ વ્યવસ્થામાં

લઘુત્તમ ગુણાંકનને આધાર માની એક બીજી સંસ્થા તથા યુનિવર્સિટીમાં ફેરબદલી કરી શકાય. હાલની વાસ્તવિકતા એ છે કે અભ્યાસક્રમોનું માળખું, વહીવટી દ્રષ્ટિકોણથી વધારે પ્રભાવિત રહે છે નહીં કે વિદ્યાર્થી કેન્દ્રિત. આવી પ્રણાલીનો અમલ કરવા માટે સૌપ્રથમ અભ્યાસક્રમ ઘડવાની જવાબદારી નિભાવતા અધ્યાપકોને સમગ્ર પધ્ધતિથી સ્પષ્ટ સમજ કેળવાય તેવા કાર્યક્રમો યોજવા જરૂરી છે. રાજયની બધી યુનિવર્સિટીઓના પદાધિકારીઓ સાથે મળી, આ દિશામાં પહેલ દાખવે તો ધીમી પણ મકકમ પ્રગતિ કરી શકાય. જયાં મોકળાશ વધારે છે તેવા અભ્યાસક્રમોથી આ પ્રકારની શરૂઆત પાઈલટ પ્રોજેકટ તરીકે કરી શકાય. તબકકાવાર તેનો અમલ કરી સમગ્ર પધ્ધતિ મજબૂત બનાવી શકાય.

યુ.જી.સી. દ્વારા એકશન પ્લાનમાં ત્રીજી બાબત : અભ્યાસક્રમ વિકાસ અંગેની કરવામાં આવી છે. સતત ફેરફારો તથા સુધારાઓ થકી અદ્યતન અભ્યાસક્રમો રાખનાર શૈક્ષણિક સંસ્થાઓ પ્રથમ હરોળનું સ્થાન મેળવી શકે છે. સમયને અનુરૂપ તથા સુસંગત રહેવા માટે પ્રફેશનલ અભ્યાસક્રમોમાં દર વર્ષે સુધારાઓ થવા જરૂરી છે. અન્ય અભ્યાસક્રમોમાં ઓછામાં ઓછા દર ત્રણ વર્ષે સુધારાઓ થાય તે રીતે આધુનિકીકરણ થવું જોઈએ. તમામ યુનિવર્સિટીઓ અગ્રતાના ધોરણે આ બાબત હાથ પર લે તે જરૂરી છે. અભ્યાસક્રમોમાં સુધારણા કરતાં પ્રવર્તમાન જ્ઞાન, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય પ્રવાહો, સંબંધિત વિદ્યાશાખામાં વિકસતા નવા વિચારો, સંકલ્પનાઓ તથા જ્ઞાનની સુસંગતતાને ધ્યાને લેવા જરૂરી છે. અભ્યાસક્રમ સુધારણાનો પાયો-શીખવો અને અભ્યાસક્રમ આધુનિક બનાવો-હોવો જોઈએ. આ માટે શિક્ષકોની સામેલગીરી કેવી રીતે કેળવી શકાય તે અંગે નવા આયામો વિચારવા જરૂરી છે. હાલની પધ્ધતિમાં-મોટાભાગની વિદ્યાશાખાઓમાં લોકશાહી ચૂંટણી પધ્ધતિથી બોર્ડ ઓફ સ્ટડિસ, ફેકલ્ટિસ તથા એકેડેમિક કાઉન્સિલની રચના થાય છે. આ તમામ સત્તામંડળો અભ્યાસક્રમ ફેરફારો તથા સુધારાઓ માટે કેવી રીતે પરિવર્તનશીલ તથા ગતિશીલ બનાવી શકાય તે અંગે પ્રણાલિકાગત માનસિકતામાં બદલાવ કરે તે જરૂરી છે. અભ્યાસક્રમ સુધારણા માટે ઈ-સામયિકો તથા અન્ય વેબ આધારિત માહિતીની સુલભતા થાય તે ઈચ્છનીય છે.

ચોથી બાબત : સુલભતા, સમાવેશકતા, ન્યાયિકતા તથા ગુણવત્તાને ધ્યાનમાં રાખી ઉચ્ચ શિક્ષણની પ્રવેશ પ્રક્રિયામાં ફેરફારો અંગેની છે. પ્રવેશની સંપૂર્ણ પ્રક્રિયા પારદર્શક તથા હેતુલક્ષી હોવી જરૂરી છે. મોટાભાગના પ્રફેશનલ અભ્યાસક્રમોમાં રાજય સ્તરની કેન્દ્રિય પ્રવેશ પધ્ધતિ અમલમાં હોઈ, યુ.જી.સી. દ્વારા અપેક્ષિત ઉદ્દેશો પ્રવેશ નીતિમાં સમાવિષ્ટ છે. યુનિવર્સિટીએ આ બાબત ધ્યાનમાં લઈ સમગ્ર સુરત શહેરની તમામ બી.કોમ., બી.બી.એ., તથા બી.સી.એ. કોલેજો માટે કેન્દ્રિય પ્રવેશ પધ્ધતિ અમલમાં મૂકી હતી. વિદ્યાર્થીએ માત્ર એક જ ફોર્મ ભરવાનું તથા કોલેજે-કોલેજે વાલી તથા વિદ્યાર્થીને અથડાવું પડે તેમાંથી મુકિત અપાવી છે. સંપૂર્ણપણે મેરિટ આધારિત કમ્પ્યૂટરાઈઝડ પધ્ધતિ અમલમાં મુકવાથી પ્રવેશની કાર્યવાહી પારદર્શક બની છે. ચાલુ વર્ષે આ પધ્ધતિથી ૧૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો છે. યુ.જી.સી. દ્વારા જે બાબતની ચિંતા સેવવામાં આવી છે તે એમ.ફિલ. તથા પીએચ.ડી. અભ્યાસક્રમોના પ્રવેશ અંગેની છે. પીએચ.ડી.ના અભ્યાસમાં પ્રવેશ માટે અનામત નીતિ જેવું કંઈ જ નથી. એક બાજુ, શિક્ષકોની ભરતી માટે અનામતની જોગવાઈ છે પરંતુ અનામત કેટિગરિના વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની નોંધણી કરવા માટે અનામતની જોગવાઈ ન હોવાને કારણે, વિદ્યાર્થીઓ નોંધણી જ કરાવી શકતા નથી. હાલની વ્યવસ્થામાં પીએચ.ડી. ગાઈડનો વ્યકિતગત સંપર્ક કરી, પ્રપોઝલ બનાવી યુનિવર્સિટીના રિસર્ચ બોર્ડ દ્વારા તેને માન્યતા પ્રદાન કરવામાં આવે છે, વિદ્યાર્થી પીએચ.ડી.નું સંશોધન કાર્ય  અભ્યાસક્રમ શરૂ કરે છે. એક ગાઈડને વધુમાં વધુ આઠ પીએચ.ડી. માટે વિદ્યાર્થીઓ ફાળવવા તથા તેમાં અનામત નીતિનો અમલ કરાવવા માટેના યુ.જી.સી. દ્વારા અલગથી રેગ્યુલેશન બનાવવામાં આવ્યા છે; જે ફરજીયાતપણે તમામ યુનિવર્સિટીઓએ અપનાવવાના છે. વળી, એમ.ફિલ. તથા પીએચ.ડી.માં પ્રવેશ લેખિત પરીક્ષા થકી જ કરવાનું સૂચન કરવામાં આવ્યું છે. જેથી ગુણવત્તામાં કોઈ બાંધછોડ ન થાય.

અભ્યાસના સૌથી અગત્યના પાસા તરીકે પરીક્ષા પધ્ધતિમાં ફેરફાર અંગે એકશન પ્લાન અંગેના છે. ઉચ્ચ શિક્ષણની પરીક્ષા પધ્ધતિ મૂળભૂત રીતે એવી ગોઠવાઈ છે કે જેમાં જ્ઞાન માટેની ભૂખ, શીખવાનો આનંદ તથા નવીન શોધ માટેની ઉત્તેજના મરી પરવારે અને માત્ર ટકાવારી જ કેન્દ્ર સ્થાને ગોઠવાય. પરીણામે, યુનિવર્સિટીની ડિગ્રીને સંસ્થાઓ નોકરી માટે પર્યાપ્ત ગણતા નથી, અને ફરીથી ચકાસણી કરે છે. હાલની પરિસ્થિતિમાં માત્ર વર્ષ કે સિમેસ્ટરના અંતે યુનિવર્સિટી પરીક્ષા ગોઠવે છે. સતત મૂલ્યાંકન તથા સુધારાને અવકાશ માટેની કોઈ ગોઠવણ હાલની પરીક્ષા પધ્ધતિમાં નથી. મૂલ્યાંકન મોટેભાગે ખાનગી રાહે થાય છે, તથા વિદ્યાર્થીને કોઈપણ પ્રકારના સુધારા માટે સમીક્ષા અહેવાલ આપવામાં આવતા નથી. યુ.જી.સી. દ્વારા આંતરિક મૂલ્યાંકન તથા બાહય મૂલ્યાંકનની પધ્ધતિમાં ફેરફારો કરવાનું સૂચવ્યું છે. માર્કિંગ પધ્ધતિને બદલે ગ્રેડીંગ પધ્ધતિ અપનાવવા માટેનું સૂચન કરવામાં આવ્યું છે. સમગ્ર મૂલ્યાંકન પધ્ધતિને પારદર્શક બનાવવા માટે પણ કેટલાંક સૂચનો કરવામાં આવ્યાં છે.

ઉપરોકત પાંચ બાબતોનો બારીકાઈથી અભ્યાસ થાય તો તે બાબત સ્પષ્ટ બને છે કે અધ્યાપકોની સંપૂર્ણ ભાગીદારી વિના આ બાબતો માત્ર એકશન પ્લાન ઘડવાથી કે ફરજીયાત બનાવી દેવાથી શકય થઈ જશે તે માનવું ભૂલ ભરેલું ગણાશે. વિદ્યાર્થી તથા અધ્યાપક વચ્ચેનો ગુણોત્તર બરાબર જળવાયેલો હોય તો જ આ બાબતો શકય બને. ઉચ્ચ શિક્ષણ એ રાજય તથા કેન્દ્રની સંયુકત યાદીમાં હોવાથી યુ.જી.સી.ની અનેક બાબતો રાજય સ્તરે અમલમાં મૂકવી શકય બનતી નથી. આ માટે અધ્યાપકોના વર્કલોડથી માંડી અન્ય સેવાને સ્પર્શતી બાબતો તથા આનુષાંગિક પ્રેરણાની બાબતો અંગે નવેસરથી વિચાર કરવો જરૂરી છે.

યુ.જી.સી. માત્ર ગાઈડ લાઈન બહાર પાડે એટલે બધું જ બરાબર ગોઠવાઈ જશે તે ગણિત સ્વીકારી લેવું ભૂલ ભરેલું ગણાશે. સર્વ હિતધારી પક્ષધારકો વચ્ચે સંવાદિતા જ સમસ્યાના મૂળ તરફ જઈ ઉકેલ અપાવી શકે.

૨૦ ઓગષ્ટ, ૨૦૦૯ — બી.એ. પ્રજાપતિ

કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## નવ પ્રસ્થાન




સન ૧૯૬૫ના એકટથી યુનિવર્સિટીની સ્થાપના થઈ હતી. સુરતના શ્રેષ્ઠીઓનું સ્વપ્ન સાકાર થયું. ૧૯૬૭થી યુનિવર્સિટી કાર્ય કરતી થઈ. પ્રારંભમાં શહેરના વિવિધ સ્થળો-ખાંડવાળા બંગલો (વિભાગો) જરીવાળા બંગલો (લાઈબ્રેરી), મેડીકલ કોલેજ (કુલપતિ અને કુલસચિવની બેઠક), નવયુગ કોલેજ (પરીક્ષા વિભાગ)માં યુનિવર્સિટી કાર્યરત હતી. ૧૯૭૫માં નવું કેમ્પસ મળ્યું. ૧૯૭૭માં વિભાગો પ્રતિષ્ઠાન ખાતે કામ કરતાં થયાં. યુનિવર્સિટી હવે જયારે યુવાવસ્થાએ પહોંચી છે ત્યારે નવા રંગ-રૂપ અને ગુણથી સજી રહી છે. અનેક રથી-મહારથી-અતિરથીઓએ સંઘર્ષ કર્યો ત્યારે યુનિવર્સિટી આ કક્ષાએ પહોંચી છે.



આધુનિક જ્ઞાન-વિજ્ઞાનની નવી ક્ષિતિજો અને અભ્યાસક્રમોના નવીનીકરણ અને આધુનિકરણથી કેમ્પસ અને એના અભ્યાસક્રમો સતત ધબકતાં હોય છે. ચર્ચા સભા અને સંવાદો તેમાં પ્રાણ પૂરે છે. આધુનિકરણની સાથે ભારતીય સંસ્કૃતિની અવહેલના, અવગણના થઈ શકે નહીં. કુલપતિશ્રી ડૉ. બાબુભાઈ પ્રજાપતિએ આ વિશે બીડુ ઝડપ્યું. પ્રો. પ્રજાપતિ મેનેજમેન્ટના માણસ છે. માણસ પારખુ છે અને પ્રાચીન સંસ્કાર વારસાના પ્રેમી છે. એમની વાતોમાં સતત મૂલ્ય નિષ્ઠા, તંત્ર શુધ્ધિ, પ્રાચીન સારવાર પધ્ધતિની ખેવના ઝબકયા કરે. હજી ગયા અઠવાડીએ પૂજ્ય આચાર્યશ્રી ગુરૂવર્ય શ્રી મહાપ્રજ્ઞજીને લાડનૂ (રાજસ્થાન) ખાતે કુલપતિશ્રી મળી આવ્યા. આચાર્ય મહાપ્રજ્ઞજી એટલે વિદ્વતાનું બીજું નામ. આ અતિ મેધાવી ધર્મ અધિષ્ઠાતાએ પૂર્વ રાષ્ટ્ર પ્રમુખ શ્રી અબ્દુલ કલામ સાથે ''ફેમીલી એન્ડ નેશન'' નામનું સુંદર વિચારતા કરી મૂકે તેવું પુસ્તક લખ્યું છે. એમનું ''કાણં સૂત્ર'' જૈન ધર્મના આગમના નવનિત સમાન છે. પ્રો. પ્રજાપતિએ યુનિવર્સિટી પ્રતિષ્ઠાન ખાતે આચાર્યશ્રીના નામે અભ્યાસ સંસ્થા સ્થાપવાના શ્રી ગણેશ કર્યા છે.




આજ દિશામાં એક નવતર કદમ તે ''બેચલર ઓફ નેચરોપથી અને યોગિક સાયન્સીઝ'' નો ચાર વર્ષીય અભ્યાસક્રમ શરૂ કરવાનું છે. કુદરતી ઉપચાર, યોગ, વાનસ્પતિક ઔષધો વડે સારવાર એ ભારતની વિશ્વને અણમોલ ભેટ છે. યોગ અને યોગીક પધ્ધતિઓમાં અનેક પરિવર્તનો આવ્યાં છે. પરંતુ પતંજલી યોગ અને પ્રેક્ષાધ્યાન મુખ્ય પધ્ધતિઓ છે.



પતંજલી યોગના પ્રચારક અને યોગ ગુરૂ બાબા રામદેવજી તથા પ્રેક્ષાધ્યાનના પ્રણેતા આચાર્ય મહાપ્રજ્ઞજી પાસેથી યુનિવર્સિટીએ માર્ગદર્શન મેળવ્યું છે. માર્ગદર્શન મુજબ તૈયાર કરાયેલો અભ્યાસક્રમ કુલ ચાર વર્ષનો છે. ચાર વર્ષમાં કુલ ૧૬ પેપર્સ અને એટલા જ પ્રેકટીકલ્સનો અભ્યાસ કરી તૈયાર થયેલા વિદ્યાર્થી આધુનિક સમાજનું ઘરેણું હશે. યોગ, પ્રેક્ષાધ્યાન, કુદરતી ઉપચાર ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું નામ જે વાનસ્પતિક ઔષધ (હર્બોલોજી-શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રિસર્ચ સેન્ટર, બાયોસાયન્સ વિભાગ) ના સંશોધન માટે પ્રખ્યાત છે; તે જ્ઞાન વારસાનું અધ્યયન પણ આ અભ્યાસક્રમ હેઠળ થશે. આ અભ્યાસક્રમ ડૉ.પ્રજાપતિએ તૈયાર કરાવ્યો છે.



આ દરમિયાન એક અલૌકિક ઘટનાએ આકાર લીધો. દક્ષિણ ગુજરાતના પનોતા પુત્ર અને પ્રખર રાષ્ટ્ર પુરૂષ શ્રી મોરારજી દેસાઈના નામે સ્થપાયેલ ''શ્રી મોરારજી દેસાઈ જન્મ શતાબ્દિ પ્રતિષ્ઠાન'' સાથે પરીચય થયો. યુનિવર્સિટીની પ્રતિબધ્ધતા પિછાણી ટ્રષ્ટના ટ્રષ્ટીઓ સર્વશ્રી મોહનલાલ નાયક, શ્રી બિપીનભાઈ દેસાઈ, શ્રી નટુભાઈ દેસાઈ, શ્રી છોટુભાઈ પીઠાવાલા, સુમંતભાઈ દેસાઈ વગેરેએ યુનિવર્સિટીને મદદ કરવા હાથ લંબાવ્યો.



શ્રી મોરારજીભાઈના ૧૦૦મા જન્મ દિને આ ટ્રષ્ટીઓએ મોરારજીભાઈની કુદરતી ઉપચાર પધ્ધતિ પ્રત્યેની પ્રિતીને અનુરૂપ કાર્ય કરવા ટ્રસ્ટ સ્થાપવા દેવા માટેની પરવાનગી માંગી. શ્રી મોરારજીભાઈને અભિપ્રાય એવો રહયો કે, "સર્વીસ સેન્ટર નહીં પણ તાલીમ પ્રાપ્ત વિદ્યાર્થીઓ તૈયાર થાય તેવું કરે તેમાંથી સ્થાપના થઈ "શ્રી મોરારજી દેસાઈ જન્મ શતાબ્દિ પ્રતિષ્ઠાન" તત્કાલીન મહેસુલ મંત્રી શ્રી અશોકભાઈ ભટ્ટના કાને વાત નાખી અને ઉચ્ચ રાજપુરૂષને છાજે તેમ શ્રી અશોકભાઈએ ત્વરિત પ્રતિભાવ આપી એક માસના ટૂંકા ગાળામાં, મરોલી પાસે પોંસરા ગામે ૧૫ એકર જમીન ગામલોકોના સક્રિય સહકારથી ફાળવી આપી. પણ માર્ગ કઠણ હતો. જમીન ફરતે વાડથી માંડી મકાનો બાંધવા સુધીની મજલ અખંડ તપ અને લોઢાના ચણા ચાવવા જેવી હતી. આશરે રૂા. ૬૫ લાખના ખર્ચે મકાનો બનાવ્યા છે. જેમાં સારવાર માટેનું મુખ્ય મકાન, સ્ટાફ કવાર્ટર્સ અને ડોકટર્સ કવાર્ટસ તૈયાર થઈ ગયા છે.



ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ અત્યંત સકારાત્મક અભિગમ રાખી યુનિવર્સિટીની સમિતિ, ડૉ. બી.એ. પ્રજાપતિ, સિન્ડિકેટ સભ્યો સર્વશ્રી હોશંગ મીરઝા, શ્રી સંજય દેસાઈ અને ડો.મીનુભાઈ પરબીઆ સાથે મીટીંગો કરી સદર પ્રતિષ્ઠાન યુનિવર્સિટીને ભેટ આપવાને નિર્ધાર્યું.

પ્રતિષ્ઠાન અપર્ણ માટેનો વિધિવત કાર્યક્રમ તારીખ ૦૬-૦૮-૨૦૦૯ના દિવસે યોજાયો. કાર્યક્રમમાં મૂળ દક્ષિણ ગુજરાતના પણ હાલ મલાડ-મુંબઈ સ્થિત અમેરિકન સ્પ્રીંગસ એન્ડ પ્રેસીંગ વર્કસ (અસ્પી) ના ડીરેકટર શ્રી શરદભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા. માઈક્રો ઈકસ, વાપી તથા "માં" ફાઉન્ડેશનના પ્રતિષ્ઠાતા શ્રી ગફુરભાઈ બીલખીઆ તથા નવસારી સ્થિત દક્ષિણ ગુજરાત નીરા-તાડગોળ ગ્રામોધોગ સમિતિના અધ્યક્ષ અને પ્રસિધ્ધ સમાજ સેવક શ્રી નારણભાઈ રાઠોડ અતિથિ વિશેષ તરીકે પધાર્યા. આ પ્રસંગે એમ.એસસી. આઈ. ટી. ની વિદ્યાર્થિની પૂજા એન. ચૌઋષિનું જવલંત સિધ્ધિઓ બદલ કુલપતિશ્રી બી.એ.પ્રજાપતિએ સન્માન પણ કર્યુ હતું.

આ યુનિવર્સિટી પર્યાવરણ પ્રત્યે હંમેશાં સંવેદનશીલ રહી છે. "ગ્રીન કેમ્પસ" અભિયાન હેઠળ સ્વયંસેવી સંસ્થા "વન વાટિકા" દ્વારા પાંચહજાર વૃક્ષોની રોપણી અને ઉછેર કરવાની જાહેરાત પણ કરવામાં આવી હતી. આ માટે શ્રી રવિ ભાટીઆ, શ્રી ઝુબીનભાઈ તથા ડૉ. ભાવના મહેરા સક્રિય રસ લઈ રહયા છે.



યુનિવર્સિટી પરિસર ખાતે સ્થપાયેલ શ્રી બાપાલાલ વૈદ્ય બોટનીકલ રિસર્ચ સેન્ટર, પ્રાત:સ્મરણીય શ્રી બાપાલાલ વૈદ્યના નામે છે. એમના પૌત્ર ડૉ.આનંદભાઈ વૈદ્યે આ પ્રસંગે એમ.એસસી. બાયોસાયન્સ, મેડીસીનલ પ્લાન્ટસ સાથે વર્ગમાં પથમ આવનાર ઉમેદવારોને ગોલ્ડમેડલ આપવા રૂા.૭૫,૦૦૦-૦૦, ડૉ. પ્રફુલ્લભાઈ વૈદ્ય (બાપાલાલજીના પુત્ર, નાઝર વિદ્યાલયના પૂર્વ પ્રધ્યાપક અને આયુર્વેદના જાણીતા લેખક) ના નામે પ્રવચન શ્રેણી શરૂ કરવા રૂા. ૫૦,૦૦૦-૦૦ તથા એમ. એસસી. બાયોસાયન્સ, મેડીસીનલ પ્લાન્ટસ સાથે ઉત્તિર્ણ થનાર તથા પીએચ.ડી. મેડીસીનલ પ્લાન્ટસ સાથે કરનાર યોગ્ય ઉમેદવારને શિષ્યવૃત્તિ આપવા માટે રૂા. પાંચ લાખની સખાવતની જાહેરાત કરી હતી.

એવું જાણવા મળે છે કે સદર અભ્યાસક્રમ ચાર વર્ષનો રહેશે. ધો.૧૨ પસાર કરનાર કોઈ પણ વિદ્યાર્થી તેમાં પ્રવેશ મેળવી શકશે. અભ્યાસક્રમમાં કુદરતી ઉપચાર પધ્ધતિઓ-પાણી, માટી, મસાજ અને પંચકર્મ-યોગ વિદ્યા, પ્રેક્ષાધ્યાન (આચાર્ય મહા, પજ્ઞજી પ્રેરિત) તથા વાનસ્પતિક ઔષધોનો સમાવેશ કરાયો છે. સફળ સ્નાતકો પ્રેકટીસ કરી શકશે.

કુલપતિશ્રીએ જણાવ્યું કે યુનિવર્સિટી દરેક સ્તર સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહી છે. યુનિવર્સિટીનું આ પ્રથમ ઓફ કેમ્પસ સેન્ટર આ દિશામાંનું પ્રથમ પગલું છે. આશરે રૂપિયા પાંચ કરોડનો આ પ્રકલ્પ લોક મદદથી પાર પાડવાનું અમારૂં સ્વપ્ન છે. આશા છે કે દક્ષિણ ગુજરાતની પાવન ભૂમિ અમારી આ ટહેલને ઝીલી યોગ્ય પ્રતિસાદ આપશે.

મુખ્ય મહેમાન પદેથી શ્રી શરદભાઈ લલ્લુભાઈ પટેલે જણાવ્યું કે શિક્ષણને આધ્યાત્મિકતા સાથે જોડી, મૂલ્ય નિષ્ઠ શિક્ષણ પર ભાર મૂકવો જોઈએ તથા યુનિવર્સિટીના આ સંનિષ્ઠ પ્રયત્નને બિરદાવ્યો હતો. કુલપતિશ્રી ડૉ. બી. એ. પ્રજાપતિ સાથેનો ભૂતકાળનો પ્રસંગ યાદ કરી એમની કર્મનિષ્ઠાની સરાહના કરી હતી.

અતિથિ વિશેષ અને દક્ષિણ ગુજરાતના સહકારી કાર્યના આગેવાન શ્રી નારણભાઈ રાઠોડે બાબા રામદેવજીના પતંજલી યોગ સાધનાની પધ્ધતિનો પરિચય કરાવી આ કેન્દ્ર આ યજ્ઞમાં જોડાય તેવી ઈચ્છા વ્યકત કરી હતી. આ સુંદર કાર્યમાં જોડાયેલા સૌને એમણે નવાજયા હતા. ટ્રસ્ટ તરફથી શ્રી નટુભાઈએ પોંસરા પ્રતિષ્ઠાનના અર્પણની વિધિવત જાહેરાત કરી હતી જેને કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ સ્વીકારી હતી.

ત્યારબાદ યુનિવર્સિટી તરફથી કુલસચિવ શ્રી જે. આર. મહેતા તથા ટ્રસ્ટ તરફથી શ્રી નટુભાઈએ દસ્તાવેજો પર સહી કરી હતી. કાર્યક્રમમાં ટ્રસ્ટી શ્રી મોહનલાલ નાયક, શ્રી બીપીનભાઈ દેસાઈ, શ્રી નટુભાઈ નાયક, શ્રી સેવંતીલાલ શાહ, શ્રી સુમનભાઈ નાયક, સિન્ડિકેટના સભ્યો તથા શહેરના પ્રતિષ્ઠિત આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

## સ્વાતંત્ર્ય પર્વ





૬૩માં સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ યુનિવર્સિટી પરિસરમાં ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિએ ઉપસ્થિત સૌ કોઈને અભિનંદન આપતાં યુનિવર્સિટી, રાજ્ય અને રાષ્ટ્રના વિકાસમાં યથાશકિત ફાળો આપવા અનુરોધ કર્યો હતો.


સ્વાતંત્ર્ય પર્વની ઊજવણી પહેલાં કુલપતિશ્રી ડૉ. બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા તથા સિન્ડિકેટ સભ્યશ્રી દિપકભાઈ આફ્રિકાવાળાએ કવિ નર્મદની પ્રતિમાને શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

આ પાવન પ્રસંગે યુનિવર્સિટીના પદાધિકારીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ, કર્મચારી પરિવાર તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા.




## સિન્ડિકેટ મેમ્બર

યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે મેડિકલ ફેકલ્ટીના ડીન ડૉ.મહેન્દ્રસિંહ ચૌહાણ અને કોમર્સ ફેકલ્ટીના ડીન ડૉ.વી.ડી.નાયકની સિન્ડિકેટમાં બિનહરીફ વરણી થયેલ છે. અભિનંદન.




**અનરાધાર.** (સોનેટ સંગ્રહ) ડૉ. ગણેશભાઈ પરમાર. પ્રોફેસર, શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત. ઓગસ્ટ, ૨૦૦૯.

ડૉ. ગણેશભાઈ પરમાર યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં પ્રોફેસર તરીકે કાર્યરત છે. તેઓ શિક્ષણ જગતનો ૩૬ વર્ષ ઉપરાંતનો દીર્ઘકાલિન અનુભવ, ધરાવે છે. વિવિધ મહોત્સવોની વિવિધ સ્પર્ધાઓમાં ૧૮ વખત વિજેતા થયા છે. તેમના માર્ગદર્શન તળે ૧૪ વિદ્યાર્થીઓ પીએચ.ડી.ની પદવી મેળવી ચૂકયા છે. તેમનાં ૧૨ પુસ્તકો આ અગાઉ પ્રકાશિત થયા છે. તદઉપરાંત તેઓ ચિત્રોનું પણ સર્જન કરે છે.

# કૉલેજ ન્યૂઝ

## પ્રવેશોત્સવ



પ્ર ઍમિટી શૈક્ષણિક સંકુલ, ભરૂચમાં નવા શૈક્ષણિક વર્ષથી આ કોલેજમાં પ્રવેશ મેળવનાર ૧૦૦ તાલીમાર્થીઓ પરિચય કેળવે તથા એક વર્ષ દરમિયાન શિક્ષક તાલીમ અભ્યાસક્રમથી અવગત થાય તે હેતુથી ઍમિટી પરિવાર દ્વારા તા. ૨૪-૦૭-૦૯ના રોજ "પ્રવેશોત્સવ"નું આયોજન કરાયું હતું.

આ કાર્યક્રમ યુનિવર્સિટીના વિનયન વિભાગના ડીન તથા કડકીયા કોલેજ, અંકલેશ્વરના પ્રાચાર્ય ડૉ. જગદીશભાઈ ગુર્જરની ઉપસ્થિતિમાં યોજાયો. ઘણા વર્ષો પછી ભરૂચ જિલ્લાની કોલેજમાંથી વિનયન વિભાગના ડીન તરીકે નવ નિયુકત થયેલા ડૉ. ગુર્જરનું ઍમિટી શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટીશ્રી રણછોડભાઈ શાહે ઍમિટી પરિવાર વતી સન્માન કરી તેમને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી ભરૂચ જિલ્લા માટે આ ઘટનાને ગૌરવવંતી ગણાવી હતી. ઍમિટી બી.એડ્. કોલેજમાં હાલમાં જ પ્રવેશ મેળવનાર તાલીમાર્થીઓએ સ્વાગતગીત, સ્વાગતનૃત્ય તથા તેમના અનુભવો રજૂ કર્યા હતા તથા ઍમિટી પરિવાર દ્વારા તમામ તાલીમાર્થીઓનું પુસ્તક દ્વારા સ્વાગત કરાયું હતું. ડૉ. જગદીશ ગુર્જરે આ પ્રસંગે તાલીમાર્થીઓને જણાવ્યું હતું કે શિક્ષકના પવિત્ર વ્યવસાયને વફાદાર રહી સમાજ સુધારણાના કાર્યમાં યોગદાન આપતા રહશો. શિક્ષક તરીકેની ખુમારી જાળવી રાખી કર્મનિષ્ઠ બનવા પર તેમણે ભાર આપ્યો હતો. અંતમાં પ્રા. અશોકભાઈ રોહિતે આભારવિધિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી વસાવા મહેશભાઈ તથા પ્રજાપતિ નિમિષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્ર ભગવાન મહાવીર કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ કમ્પ્યૂટર એપ્લીકેશન ભરથાણા, સુરત ખાતે પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટેનો આવકાર સમારંભ ભવ્ય રીતે યોજવામાં આવેલો. કાર્યક્રમની શરૂઆત કરતાં ભગવાન મહાવીર એજયુકેશન ફાઉન્ડેશનના કેમ્પસ ડાયરેકટર ડૉ. એ.કે. દવેએ નવા વિદ્યાર્થીઓને આવકારી તેમને સફળતાનું મહત્વ અને કાર્યક્ષમતાના પરિણામો વિષે માર્ગદર્શન આપી હાર્દિક શુભકામના પાઠવી હતી. ત્યાર બાદ

કોલેજના ડાયરેક્ટર ડૉ. એ.એસ. અંબાનીએ આમંત્રિત મહેમાનોનું પુષ્પગચ્છથી હાર્દિક સ્વાગત કરી નવા વિદ્યાર્થીઓને કોલેજના વર્ક કલ્ચરની વિષેશતા સમજાવી હતી.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી ખાતે એન.એસ.એસ.ના સ્વયંસેવકો માટે તા. ૨૪-૦૭-૦૯ના રોજ પ્રવેશોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે વાડિયા વિમેન્સ કાલેજના પ્રા. બી.બી. ભંડારીએ હાજરી આપી, સ્વયં-સેવકોને એન.એસ.એસ. અંગે માહિતી આપી હતી. કાર્યક્રમ અંગેનું માર્ગદર્શન પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ આપ્યું હતું.

## સેમિનાર

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને લર્નિંગ લાયસન્સ અંગેની કામગીરી શ્રી છબીલદાસભાઈ-અંકિત ડ્રાઈવીંગ સ્કૂલ, અમરોલીના સિનીયર આર.ટી.ઓ. ઓફિસર શ્રી બી.જે.સોલંકી તથા શ્રી આર.જી.જોષીએ કેમ્પસ પર આવી ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓને લાયસન્સ આપી ટ્રાફિકના નિયમો અને વ્યસન મુકિત વિશેની જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ કામગીરી માટે પ્રિ. શ્રી ડૉ. કે.એન. ચાવડા, અમરોલી કોલેજ પરિવાર તથા જીવન જયોત ટ્રસ્ટ, અમરોલીએ બંને આર.ટી.ઓ. ઓફિસરનો આભાર વ્યકત કર્યો હતો.

## એવોર્ડ

તા. ૩૧ જુલાઈ ૨૦૦૯ને દિવસે સાર્વજનિક એજયુકેશન સોસાયટીએ ગાંધીસ્મૃતિ ભવન ખાતે પોતાના પ્રતિભા સંપન્ન સારસ્વતોનું બહુમાન કર્યું હતું. જેમાં સર કે.પી. કોલેજ ઓફ કોમર્સના આચાર્ય ડૉ. યુ.ટી. દેસાઈનું શ્રેષ્ઠ શિક્ષણશાસ્ત્રી તરીકે બહુમાન કર્યું હતું. ડૉ. યુ.ટી. દેસાઈને 'સાર્વજનિક શિક્ષણ રત્ન એવોર્ડ વર્ષ-૨૦૦૯' એનાયત થયો છે. પ્રતિભા સંપન્ન સારસ્વત તરીકેના આ બહુમાન માટે સર કે.પી. કોલેજ ઓફ કોમર્સનો પરિવાર આનંદ અને ગૌરવની લગણી અનુભવે છે.

એજયુકેશન સોસાયટી સંચાલિત એમ.ટી.બી. આર્ટ્સ કોલેજના ગુજરાતી વિભાગના પ્રાધ્યાપિકા ડૉ. રેખા ભટ્ટને તેમની એકનિષ્ઠ, સુદીર્ઘ અને પ્રતિભા સંપન્ન સારસ્વત તરીકેની તેમજ તેમની શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓને પુરસ્કૃત કરીને સાર્વજનિક શિક્ષણ રત્ન એવોર્ડ ગાંધી સ્મૃતિ ભવનમાં સુરત શહેરના સુજ્ઞ નાગરિકોની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યો હતો.

## આરોગ્ય

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ અમરોલી ખાતે તા. ૨૪/૦૭/૨૦૦૯ના રોજ બી.એ., બી.કોમ., બી.બી.એ., બી.સી.એ., એમ.એ., એમ.કોમ.ના વિદ્યાર્થીઓએ રકતદાન કેન્દ્ર અને લાયન્સ કલબ અમરોલી મેડીકલ એસોશિએશનના સહયોગથી રકતદાન કર્યું હતું. જેમાં પ્રિ. ડૉ. કે.એન. ચાવડાએ વિદ્યાર્થીઓને રકતદાન કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, તથા કાર્યક્રમના આયોજનમાં માર્ગદર્શન આપ્યું હતું. આ કેમ્પમાં કુલ ૪૭ બોટલ રકત એકત્રિત કરવામાં આવ્યું હતું.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી ખાતે અમરોલી મેડિકલ સર્કલ તથા એડવેન્ટસ્ટ વોકહાર્ટ હોસ્પિટલના સહયોગથી તા. ૨૮-૦૬-૦૯ના રોજ યોજાયેલ "હૃદયરોગ નિદાન" કેમ્પમાં ૫૦ દર્દીઓએ આ સેવાનો લાભ લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રિ. કે.એન. ચાવડા અને એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસરોએ કર્યું હતું.

વાડિયા વિમેન્સ કોલેજ, સુરતમાં વિશ્વ સ્તનપાન સપ્તાહ નિમિત્તે ગૃહવિજ્ઞાન વિભાગના ઉપક્રમે શેઠ પી.ટી. મહિલા કોલેજના વ્યાખ્યાતા ડૉ. મોનીષાબેન વ્યાસ તથા તેમની ટીમે વ્યાખ્યાન આપ્યું હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. હેતલબેન પટેલે કર્યું હતું. મહેમાનોનું સ્વાગત પ્રા. ભાનુબેન પટેલ અને પ્રા. દક્ષાબેન પરમારે કર્યું હતું. આભાર વિધિ ટી.વાય.બી.એ.ની વિદ્યાર્થિની કુ.પિનલે કરી હતી.

ચંદ્રાવતિબેન ધનસુખલાલ પચ્ચીગર કોલેજ ઓફ હોમીયોપેથી મેડીસીન સંલગ્ન હોસ્પિટલ, સુરતમાં સંસ્થાના ફાઉન્ડર ચેરમેન શ્રી કૃષ્ણવદનભાઈ પચ્ચીગરની પુણ્યતિથિ નિમિત્તે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું સાથે ગુજરાત રાજય ડિસ્ટ્રીકટ લેવલ કેમ્પેઈન ઓન હોમિયોપેથી ફોર મધર એન્ડ હેલ્ધી ચાઈલ્ડ અંતર્ગત સગર્ભા બહેનો અને બાળકો માટે વિના મૂલ્યે નિદાન અને સારવારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.



ઉપરોકત કેમ્પમાં સગર્ભા સ્ત્રીઓની સારવાર માટે : ડૉ. નિયતી પવાર અને ડૉ. માધુરી કાંબલે, બાળકોની તકલીફોના નિદાન અને હોમીયોપેથીક સારવાર માટે : ડૉ. અક્ષય એ. બેંકર અને ડાયાબિટીસનાં દર્દીઓના હોમીયોપેથીક સારવાર માટે ડૉ. નીના એ. બેંકરે સેવા આપી હતી.

આ કેમ્પમાં ડૉ. પ્રકાશ સૂરતીના સહકારથી બાયર હેલ્થકેર કંપની તરફથી વિના મૂલ્યે ડાયાબિટીસની તપાસ અને ડાયાબિટીસ ન્યૂરોપથી સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું અને પોઝીટીવ પેશન્ટને અલગ કરી ડાયાબિટીસની સારવાર માટે જરૂરી કાળજી, ખોરાકની પરેજી, કસરતનું મહત્વ વિગેરેથી માહિતગાર કરવામાં આવ્યાં હતા. કેમ્પમાં આવેલ સગર્ભા બહેનોને હોમીયોપેથીની ઉપયોગિતા વિશે માહિતી આપી હતી. સગર્ભાવસ્થા દરમ્યાનની તકલીફો-વારંવાર ગર્ભપાત, બાળકોનો અપૂરતો વિકાસ, ગર્ભાશયમાં ગર્ભની કોથળીમાં પાણી વધી જવુ કે ઘટી જવું, ઝડપી અને કુદરતી પ્રસૂતિ માટે, સફેદ પાણી, એસીડીટી, કબજીયાત, કમરનો દુઃખાવો વગેરે માટે હોમીયોપેથીની અસરકારકતા સમજાવી કેમ્પ પછી પણ નિયમિત સારવાર ચાલુ રાખવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૭૦ પેશન્ટોએ ઉપરોકત વિવિધ સારવારનો લાભ લીધો હતો. કેમ્પનું ઉદ્દ્ઘાટન ફાઉન્ડર પ્રિન્સિપાલ અને ચેરમેન સી.ડી.પી. પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના ડૉ. દશરથકાકાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

## મુલાકાત



ઍમિટી બી.એડ્. કોલેજ, ભરૂચમાં તાલીમાર્થીઓને બી.એડ્.ની તાલીમ લીધા બાદ કારકિર્દી વિકસાવવા માટે વિદેશમાં રહેલી તકોની જાણકારી આપવાના હેતુસર ઍમિટી બી.એડ્. કોલેજ દ્વારા તા. ૭-૦૮-૦૯ના રોજ વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જયોર્જીયા સાઉથ વેસ્ટર્ન (જી.એસ.ડબલ્યુ) યુનિવર્સિટી યુ.એસ.એ.ના ડૉ. એ.સી. શાહ ઉપસ્થિત રહયા હતા.

ડૉ. એ.સી. શાહે તાલીમાર્થીઓને "શિક્ષકની કારકિર્દી વિકસાવવાની વિદેશમાં તકો" વિષય પર વકતવ્ય આપતાં ઍમિટી શૈક્ષણિક સંકુલ અને જયોર્જીયા યુનિવર્સિટી દ્વારા કરાયેલ કરાર અન્વયે B.Ed. Exchange Programme વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ભારતમાંથી B.Ed. કર્યા બાદ જયોર્જીયા યુનિવર્સિટીમાં M.Ed. કરવા માટેની લાયકાતો અને જરૂરિયાતો અંગે પણ માર્ગદર્શન આપ્યું હતું. આમ ડો. એ.સી. શાહે તાલીમાર્થીઓને વિદેશમાં શિક્ષક તરીકેની કારકિર્દી બનાવવાની એક નવી દિશા ચીંધી હતી. આ પ્રસંગે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રણછોડ શાહ તથા ઍમિટી શાળાના આચાર્ય શ્રી પ્રકાશ મહેતા ઉપસ્થિત રહયા હતા.

## ઊજવણી

સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત શ્રી વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતના યજમાનપદે વી.ટી. ચોકસી લૉ કોલેજ, એસ.પી.બી. ઈંગ્લીસ મિડિયમ કોમર્સ કોલેજ, બી.આર.સી.એમ. મેનેજમેન્ટ કોલેજના સંયુકત ઉપક્રમે સાર્વજનિક એજયુકેશન સોસાયટીના ચેરમેન શ્રી દિલીપભાઇ મારફતિયાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. જેમાં ચારે કૉલેજના પ્રિન્સિપાલ, અધ્યાપકો તેમજ વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.

ધ્વજવંદન તેમ જ રાષ્ટ્રગાન બાદ વી.ટી. ચોકસી બી.એડ. કોલેજના તાલીમાર્થીઓ દ્વારા રાષ્ટ્રીય-સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં દેશભકિતગીતનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં દેશભકિતગીતોનું ગાન, નૃત્ય અને નાટકો રજૂ કરવામાં આવ્યાં હતા.

## વિદ્યાર્થી મંડળ

સાર્વજનિક એજયુકેશન સોસાયટી સંચાલિત વી.ટી. ચોકસી બી.એડ્. કોલેજ, સુરતમાં વર્ષ ૨૦૦૯-૧૦ના વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની રચના ચૂંટણી દ્વારા કરવામાં આવી હતી. જેમાં ચૂંટાયેલ મંડળમાં જી.એસ.દીપક એન. પટેલ, સાંસ્કૃતિક મંત્રી-આશિકા કે.મહેતા, નાણાંમંત્રી-ખ્યાતિ પટેલ, સંમેલનમંત્રી-વંદના ટંડેલ, પ્રવાસમંત્રી-પિયુષ પરમાર, રમતગમત મંત્રી-જૈમિન પટેલ, સામયિક મંત્રી-નીશા કે. પટેલ, વાદ્સભા મંત્રી-રીના ડોગરા અને બુલેટીન મંત્રી તરીકે ભૂમિકા ચોકસી ચૂંટાઈ આવ્યા હતા.

## પુસ્તક પ્રકાશન




યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખાના ડીન અને શ્રીમતીની કુસુમબેન કડકિયા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અંકલેશ્વરના આચાર્યશ્રી ડૉ. જગદીશ ગૂર્જરના વિવેચન ગ્રંથ 'મધુ રાયની વાર્તાસૃષ્ટિ' (પ્રકાશક : ડૉ. જગદીશ ગૂર્જર, ૨૬, રામનગર, અંકલેશ્વર, ૨૦૦૯. પૃ. ૧૪૪, કિંમત રૂા. ૧૦૦)નું વિમોચન કુલપતિશ્રી પ્રોફે. ડૉ. બી.એ. પ્રજાપતિએ કર્યું હતું.

## મુખપત્ર



**શબ્દજયોત.** (૨૦૦૮-૨૦૦૯). જીવનજયોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી, સુરત. સંપાદક : પ્રા, અજિત આર. નાયક, પ્રા. વિજય એમ. ચૌધરી અને અન્ય. પ્રકાશક : પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા.



**Homeo Fragment.** (Quarterly Medical Bulletin). (Vol. 3, no. 1, 2009). C.N. Kothari Homeopathic Medical College, Vyara, Editor-in-Chief : Dr. Markand N. Bhatt



**પલાશ.** (૨૦૦૮). સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારા. Editors : Dr. Markand N. Bhatt & others.

# વાચન વિશેષ

## હરીફો અને મિત્રો

ટોની ઈટાલિયન હતો જયારે ઈવાન રશિયન હતો. બંનેની બાજુ-બાજુમાં દુકાનો હતી અને બંનેને ત્યાં સારી ઘરાકી રહેતી હતી. બંને હરીફ હતા પરંતુ તેમની હરીફાઈ તંદુરસ્ત હતી. બંને પોતપોતાની રીતે સારું કમાઈ લેતા હતા.

એક અઠવાડિયે ટોનીએ જોયું કે તેની ઘરાકીમાં અચાનક ઉછાળો આવી ગયો હતો. તેણે તપાસ કરી તો ખબર પડી કે તેનો હરીફ બીમાર પડી ગયો હતો અને તેની દુકાન અઠવાડિયાથી બંધ હતી. એ અઠવાડિયે ટોનીએ રોજ મોડે સુધી પોતાની દુકાન ખુલ્લી રાખી. સામાન્ય કરતાં ખૂબ વધારે ધંધો કર્યો અને ખાસ્સા વધુ પૈસા કમાયો.

રવિવાર આવ્યો અને ટોનીએ સુંદર વસ્ત્રો પહેર્યાં અને ગયા અઠવાડિયે ઓવરટાઇમ ધંધો કરી જે પૈસા કમાયો હતો તે એક પરબીડિયામાં મૂકયા અને ઈવાનને ઘરે ચાલ્યો. ઈવાન માંદગી પછીનો આરામ કરી રહયો હતો.

પોતાની સાથે લાવેલું પરબીડિયું ઈવાનને આપતા ટોનીએ કહયું : 'તારા માટે એક નાનકડી ભેટ લાવ્યો છું, તેનો સ્વીકાર કર. તારા વગર મજા નથી આવતી. જલદી સાજો થઈ ફરી દુકાને આવી જા.' ઉષ્માભરી રીતે ઈવાનનો ખભો થાબડી ટોની ત્યાંથી નીકળી ગયો.

ધંધામાં ભલે હરીફાઈ હોય પણ સંબંધમાં મિત્રતાની સુવાસ અકબંધ રાખજો.

(જીતો દુનિયા તમારા અભિગમથી. જે.પી. વાસવાણી, પૃ. ૬૮)

# દક્ષિણાયન

## પ્રતિભાવ

કુલપતિશ્રી ડૉ. બાબુભાઈ પ્રજાપતિ,

આપ કુશળ હશો.

આપની યુનિવર્સિટીના "દક્ષિણાયન"ના પ્રકાશન પ્રસંગે મને યાદ કર્યો તેનો ઘણોજ આનંદ થયો, "ઉદીચ્ય"ના પ્રકાશન સાથે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથેના આપના દીર્ઘકાલીન જોડાણ અને "દક્ષિણાયન" તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી તરીકેના વર્તમાનમાં આપ ઉત્તર અને દક્ષિણ ગુજરાતના વિદ્યાજગતના એક જીવંત સેતૂ સ્થાપિત થઈ, આપશ્રી ઉચ્ચવિદ્યાના પ્રસાર માટે જ યોગદાન આપી રહયા છો તે જોઈને ઘણો જ આનંદ તથા ગર્વ થાય છે.

આપશ્રીના શુભકાર્યો તથા સિધ્ધિઓ બદલ મારા હૃદયપૂર્વકના અભિનંદન સ્વીકારશો.

આપની શિક્ષણ પ્રવૃત્તિઓ વધુને વધુ વિશાળતા પામે અને આપશ્રીના જ્ઞાન તથા અનુભવનો લાભ વિદ્યાજગતને મળે તેવી ઈશ્વરને પ્રાર્થના કરૂં છું.

શ્રી અરવિંદ જીવાભાઈ
ઉદ્યોગપતિ, મુંબઈ

## સંપર્ક

કોલેજ ન્યૂઝ નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

બી.જે. અંકુયા
તંત્રી, 'દક્ષિણાયન'
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલય
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭

## પુસ્તક પરિચય

**શિક્ષણમાં કમ્પ્યૂટર.** ડૉ. દીપિકા ભદ્રેશ શાહ. અમદાવાદ : નીરવ પ્રકાશન. પૃ. ૫૮૬. રૂા.૧૫૦

યુનિવર્સિટીના શિક્ષણ વિભાગમાં રીડર તરીકે કાર્યરત લેખિકાનું આ ચોથું પુસ્તક છે. લેખિકાના માર્ગદર્શન તળે પાંચ વિદ્યાર્થીઓ પીએચ.ડી.ની પદવી મેળવી ચૂકયા છે.

આ પુસ્તક કુલ ૧૨ પ્રકરણોમાં વિભાજીત થયેલ છે. (૧) કમ્પ્યૂટર પરિચય (૨) કમ્પ્યૂટર્સનું વર્ગીકરણ (૩) પ્રોગામિંગ લેંગ્વેજિસ (૪) કમ્પ્યૂટર હાર્ડવેર (૫) કમ્પ્યૂટર મેમરી એકમો અને મેમરી પ્રયુકિતઓ (૬) કમ્પ્યૂટરની નિવિષ્ટ પ્રયુકિતઓ (૭) કમ્પ્યૂટરની નિષ્પતિ પ્રયુકિતઓ (૮) કમ્પ્યૂટર સોફ્ટવેર (૯) વ્યવહાર ઉપયોગિતા / વિનિઓગ સોફ્ટવેર્સ (૧૦) શિક્ષણમાં કમ્પ્યૂટર (૧૧) કમ્પ્યૂટર શિક્ષણ તરીકે અને (૧૨) કમ્પ્યૂટર નેટવર્કસ તદપરાંત સંદર્ભસૂચિ પણ સમાવેશ પામે છે.

આ પુસ્તક અધ્યાપકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને શિક્ષણક્ષેત્રે રસ ધરાવનાર વ્યકિતઓને કમ્પ્યૂટરનો શિક્ષણમાં, વર્ગશિક્ષણમાં અસરકારક ઉપયોગ કરવાની માટે માર્ગદર્શક બની રહે તેવું છે. આ પુસ્તકમાં આવશ્યકતા અનુસાર ઉદાહરણ પણ આપવામાં આવેલ છે. શિક્ષણના વિવિધ તબકકે કમ્પ્યૂટરના ઉપયોગનું આયોજન, કમ્પ્યૂટર નેટવર્કીંગ, ઈન્ટરનેટ, ઈન્ટ્રાનેટ, ઈ-મેઈલ ટેકનોલોજી વગેરેનો શિક્ષણ સાથેનો સંબંધ વગેરેને સંક્ષિપ્તમાં આવરી લઈને લેખિકાએ આ પુસ્તકને ઉપયોગી બનાવ્યું છે.

શિક્ષણક્ષેત્રે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ ઈચ્છતા સૌ કોઈને આ પુસ્તક ઉપયોગી નીવડશે.

બી.જે. અંકુયા
ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

સ્વતંત્રતા શબ્દ વજનદાર છે, એટલે સ્વતંત્રતાનો ધ્વજ ઉઠાવનારના ખભા પણ મજબૂત હોવા જોઈએ. હાથ પણ મજબૂત હોવા જોઈએ. સ્વતંત્રતાના વાહક એ નથી બની શકતા જે તેની મહત્તા, તેનું મૂલ્ય જાણતા નથી. રાષ્ટ્ર પ્રત્યે જે પોતાનું દાયિત્વ નથી સમજતા, દેશભકિતની ભાવના જેના મનમાં હિલોળા નથી લેતી, જે સંવેદનહીન છે, માનવીય ગરિમાનું જેને ધ્યાન નથી, જે શ્રમપરાન્મુખ અને સ્વાર્થી છે. ત્યાગ સ્વતંત્રતાને મૂલ્ય આપી શકે છે. સ્વાધીનતા અને ત્યાગ બંનેમાં ગાઢ સંબંધ છે. જયાં ત્યાગ છે ત્યાં સ્વતંત્રતા છે અને જયાં સ્વતંત્રતા છે ત્યાં ત્યાગ અનિવાર્ય રૂપે હોવો જોઈએ.

(મહાપ્રજ્ઞ વાણી : ૮, પૃ. ૧૧૬)

માણસમાં પ્રગતિ કરવાની ભૂખ હોવી જોઈએ. ભૂખ્યો માણસ ખાવાનું ગોતવા માટે મહેનત કરશે.

અદાણી ગ્રુપના ચેરમેન : ગૌતમ અદાણી

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat.
Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com